જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૬/૦૪/૨૦૨૩ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૫૭૫/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૩ કેસ કરી, ૫૦ વ્યક્તિઓને ઝડપી, ૨૮૪ લીટર દેશી દારૂ, ૬૧ બોટલ ઇંગ્લીશ દારૂ, ૦૫ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૬૨ બિયર ટીન, ૦૧ સ્કુટર અને ૦૨ મોટર સાયકલ કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી, ૧૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૦,૦૧,૧૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૫૭૬/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## લુંટની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૫૭૭/૨૦૨૩

**નિકોલઃ** વેદકુમાર અમૃતભાઇ પારેખ (ઉ.વ.૨૧)(રહે.શાંતીનિવાસ, અશોકમીલની બાજુમાં, નરોડા ફ્રુટ માર્કેટ, નરોડા રોડ) એ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૪/૦૪/૨૦૨૩ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે નિકોલ શુકન ચાર રસ્તા પાસે આવેલ શૌદર્યવીલા કોમ્પલેક્ષ દુકાન નંબર-૧૩ “આશિષ મોબાઇલ એન્ડ ગીફ્ટ” નામની મોબાઇલની દુકાનમાં ત્રણ પુરૂષ માસ્ક પહેરી દુકાનમાં પ્રવેશ કરી, વેદકુમાર અને નીરજને ચપ્પુ બતાવી ધમકી આપી, દુકાનમાંથી અલગ-અલગ કંપનીના મોબાઇલ ફોન નંગ-૨૨ અને રોકડ રૂપિયા ૧૧,૫૭૦/- મળી કુલ રૂપિયા ૨,૩૧,૫૭૦/- મતાની લુંટ કરી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એલ.સિસોદીયા ચલાવે છે.

**ઘરફોડ ચોરીઃ-** **સમાચાર યાદી નં.૫૭૮/૨૦૨૩**

**ઓઢવઃ** રસીકભાઇ ગોવિંદભાઇ પટેલ (રહે.ગોકુલનગર સોસાયટી, સુપર હાઇસ્કુલની બાજુમાં, અંબિકાનગર ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૫/૦૪/૨૦૨૩ કલાક ૦૦/૩૦ થી સવારના ૭/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૨૮,૦૦૦/- મળી કુલ રૂપિયા ૯,૮૬,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે.એસ.કંડોરીયા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૫૭૯/૨૦૨૩**

**ગોમતીપુરઃ** પરષોતમભાઇ ઉર્ફે પ્રભુ સ/ઓ મદનલાલ લખારા (ઉ.વ.૩૫)(રહે.ભીખાભાઇ જીવાભાઇની ચાલી, શરાફની ચાલી પાસે, ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૦૪/૦૪/૨૦૨૩ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે બારી સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આઇ.ડી.મંસુરી ચલાવે છે.

**અમરાઇવાડીઃ** રાકેશકુમાર નારણભાઇ પરમાર (ઉ.વ.૨૫)(રહે.રાજીયાબીબીની ચાલી સંતોષીનગર જોગેશ્વરી રોડ અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૪/૨૦૨૩ બપોરના ૧/૪૫ વાગ્યાના સુમારે રહેણાંક મકાનમાં પતરાની લોખંડની એંગલ સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મહેન્દ્રસિહ રામસિહ ચલાવે છે.

**નિકોલઃ** પ્રવિણ ઉર્ફે કપિલ સ/ઓ હસમુખભાઈ મોદી (ઉ.વ.૪૪)(રહે.પરષોત્તમનગર પીપળેશ્વર મહાદેવ મંદિર પાસે ખોડીયારનગર નિકોલ) એ તા.૦૫/૦૪/૨૦૨૩ સાંજના ૪/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે કપડાની ખેસ બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જગમલભાઇ સુકાજી ચલાવે છે.

**દાણીલીમડાઃ** દાણીલીમડા કૈલાષ કીરાણા સ્ટોર્સની બાજુની ગલીમાં અબ્દુલબાસીદભાઈના કારખાનામાં કામ કરતા અને ત્યાંજ રહેતા મોહંમદરબ્બુલ મોહંમદહજરુલ શેખ (ઉ.વ.૨૦) (મુળ વતનઃ- ઓઝાપોખર, ઉત્તર દીનાજપૂર, કાલાનગીન, પશ્ચિમ બંગાળ) તા.૦૫/૦૪/૨૦૨ સવારના ૫/૦૦ થી બપોરના ૨/૩૦ વાગ્યા દરમ્યાન દાણીલીમડા અબ્દુલબાસીદભાઈના ગાર્મેન્ટના કારખાનામા છતમાં લાગેલ ગડર સાથે પ્લાસ્ટીકની દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પરાગભાઇ પ્રફુલચન્દ્ર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી